# રેલવે સર્વિસ ઓફ એન્જિનિયર્સ

ઈન્ડિયન રેલવે સર્વિસ ઓફ એન્જિનિયર્સ (IRSE) અધિકારીઓ ભારતીય રેલ્વેની તમામ અચલ અસ્કયામતો/સંપત્તિઓની જાળવણી માટે જવાબદાર છે, જેમ કે ટ્રેક, પુલ, ઈમારતો, રસ્તાઓ, પાણી પુરવઠો વગેરે. તદુપરાંત, તેઓ નવી અસ્કયામતોના નિર્માણ જેમ કે નવી લાઇન, ગેજ કન્વર્ઝન, ડબલીંગ સહિત અન્ય વિસ્તરણ તેમજ વિકાસલક્ષી કામગીરી માટે પણ જવાબદાર છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે ચીજવસ્તુઓનું નિર્માણ કરવું ગમે છે
- તમે ગણિતમાં સારી પક્કડ ધરાવો છો
- તમે નેતૃત્વ કૌશલ્ય ધરાવો છો

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬૮,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.



## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. એન્જિનિયરીંગ, કોમર્સ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્સીમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ સમાન **અથવા** સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. UPSC દ્વારા આયોજિત ભારતીય રેલવે વ્યવસ્થાપન સેવા પરીક્ષામાં લાયકાત પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહીં આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

વર્ગ-એ કેન્દ્રીય નાગરિક સેવા અધિકારીનું માસિક વેતન **રૂ. ૫૬,૧૦૦ થી ૨,૨૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://upsconline.nic.in/daf/daf2_csm_2022/eGazette_CSM_Engl.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ભારતીય રેલવે, સરકારી એજન્સીઓ અને મંત્રાલયના વિભાગો

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ઓફિસમાં કામ કરશો. તમારે ટીમનું સંચાલન કરવાનું બની શકે છે. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો ભાગ છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

મદદનીશ વિભાગીય ઈજનેર → વિભાગીય ઈજનેર → વરિષ્ઠ વિભાગીય વિદ્યુત ઈજનેર → નાયબ મુખ્ય વિદ્યુત ઈજનેર → મુખ્ય વિદ્યુત ઈજનેર → સભ્ય રેલ્વે બોર્ડ (ઈલેક્ટ્રીકલ) → અધ્યક્ષ રેલ્વે બોર્ડ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

યુ.પી.એસ.સી., સિવિલ સર્વિસ, ઈન્ડિયન રેલવે મેનેજમેન્ટ સર્વિસ એક્ઝામ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ સિવિલ એન્જિનિયરીંગ/સ્ટ્રક્ચરલ એન્જિનિયરીંગ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.ટી., મદ્રાસ
૨. આઈ.આઈ.ટી., ખડગપુર
૩. આઈ.આઈ.ટી., ગાંધીનગર
૪. આઈ.આઈ.ટી., કાનપુર
૫. એમએસયુ, વડોદરા
૬. એલ.ડી. કૉલેજ ઓફ એન્જિનિયરીંગ, અમદાવાદ
૭. મૌલાના અબુલ કલામ આઝાદ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, કોલકાતા
૮. વીર સુરેન્દ્ર સાઈ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, ઓડિશા
૯. એસવીએનઆઈટી, સુરત
૧૦. એસએસઈસી, ભાવનગર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી અને એ.આઈ.સી.ટી.ઈ. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. ચિત્કારા યુનિવર્સિટી ઇન્સ્ટિટ્યુટ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી
૨. યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન
૩. જીએસએફસી યુનિવર્સિટી, વડોદરા
૪. પીપીએસયુ, સુરત
૫. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી (ડિપ્લોમા)
૬. આઈટીએમ વૉકેશનલ યુનિવર્સિટી, વડોદરા
૭. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૮. ચંદીગઢ યુનિવર્સિટી (ડિપ્લોમા)
૯. કે.આઈ.આઈ.ટી. સ્કૂલ ઑફ એન્જિનિયરીંગ, ઓડિશા
૧૦. સિલ્વર ઓક કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, અમદાવાદ

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- ટોચના સ્ટ્રક્ચરલ એન્જિનિયરીંગ ઑનલાઇન અભ્યાસક્રમો
- NPTEL* સ્વયમ: https:// onlinecourses.nptel.ac.in › noc20_ce02 › preview
- www.ncs.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે અને તેનો હેતુ તમામ લોકો માટે શિ ક્ષણને સુલભ બનાવવાનો છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

૧૯૮૫ બેચના આઈ.આર.એસ.ઈ. અધિકારી **મનોજ શર્મા,** ઈસ્ટ કોસ્ટ રેલ્વેમાં જનરલ મેનેજર તરીકે જોડાયા છે. નવી પોસ્ટિંગ પહેલાં, શ્રી શર્માએ મુંબઈમાં મધ્ય રેલવે (સી.આર.)ના મુખ્ય વહીવટી અધિકારી (બાંધકામ) તરીકે કામ કરતા હતા. શ્રી શર્મા રૂરકી યુનિવર્સિટીમાંથી ડિગ્રી મેળવીને સિવિલ એન્જિનિયર થયા છે અને આઈ.આઈ.ટી. દિલ્હીમાંથી માસ્ટર્સ ઈન ટેકનોલોજીની ડિગ્રી હાંસલ કરેલ છે. તેઓ વર્ષ ૧૯૮૭માં ભારતીય રેલ્વેમાં જોડાયા હતા.*

સ્રોત: http://bit.ly/3XQ2WAS

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.